# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને જાપાન વચ્ચેની ભાગીદારી વ્યૂહાત્મક સ્થિરતા વધારવામાં મહત્વપૂર્ણ હોવાનું કહ્યું.**
2. **આવતીકાલે બિહારમાં યોજાનારી પ્રથમ તબક્કાની વિધાનસભાની ચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ.**
3. **ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ મામલે ગંભીરતાથી ચર્ચા થઇ રહી હોવાનું જણાવતું અમેરિકા.**
4. **ફિલિપાઇન્સમાં તાજેતરમા આવેલા વિનાશક વાવાઝોડામાં અત્યાર સુધી 66 લોકોના મોત.**
5. **રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેવદિવાળી અને ગુરૂનાનક જયંતીની દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# JAISHANKAR-INDIA JAPAN FORUM

ભારત અને જાપાન વચ્ચેની ભાગીદારી ઇન્ડો-પેસિફિકમાં વ્યૂહાત્મક સ્થિરતા વધારવામાં ફાળો આપે છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં 8મા ભારત-જાપાન ઇન્ડો-પેસિફિક ફોરમમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ભારત-જાપાને ભાગીદારી વધારવા સાથે કૃત્રિમ બુદ્ધિમત્તા , સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજો, સ્વચ્છ ઊર્જા અને અવકાશમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ સાથે બે મુખ્ય લોકશાહી અને દરિયાઈ રાષ્ટ્રો તરીકે ભારત અને જાપાનની ઇન્ડો-પેસિફિક પ્રત્યે મોટી જવાબદારી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કુઆલાલંપુરમાં તાજેતરમાં યોજાયેલી પૂર્વ એશિયા સમિટમાં જાપાનના વિદેશમંત્રી સાથેની તેમની મુલાકાત દરમિયાન, બંને પક્ષો આ ભાગીદારીને આગળ વધારવા માટે સંમત થયા હોવાનું શ્રી જયશંકરે વધુમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . .

# BIHAR ELECTION

બિહારમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ તબક્કામાં આવતીકાલે 18 જિલ્લાઓમાં ફેલાયેલી 121 બેઠકો પર મતદાન થશે. આ તબક્કામાં એક હજાર 314 ઉમેદવારોના ભાવિનો નિર્ણય થશે. આ તબક્કામાં ત્રણ કરોડ ૭૫ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

પ્રથમ તબક્કામાં જે જિલ્લાઓમાં મતદાન થશે તેમાં પટના , દરભંગા, મધેપુરા, સહરસા, મુઝફ્ફરપુર, ગોપાલગંજ, સિવાન, સારણ, વૈશાલી, સમસ્તીપુર, બેગુસરાય, લખીસરાય, મુંગેર, શેખપુરા, નાલંદા, બક્સર અને ભોજપુરનો સમાવેશ થાય છે. આ તબક્કા માટે પ્રચાર ગઈકાલે સમાપ્ત થયો.

મતદાનનો બીજો અને અંતિમ તબક્કો ૧૧ નવેમ્બરે યોજાશે. મતગણતરી આ મહિનાની ૧૪મી તારીખે હાથ ધરવામાં આવશે.

સાંભળીએ એક વિશેષ અહેવાલ

## વોઈસ કાસ્ટ - સકલેન

. . . . .

# GOYAL NEW-ZEALAND

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ન્યુઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલે સાથે મંત્રણા કરશે. તેઓ બંને દેશો વચ્ચે ચાલી રહેલા મુક્ત વેપાર કરાર અંગે પણ ચર્ચા કરશે. શ્રી ગોયલ ન્યુઝીલેન્ડની મુલાકાતે છે અને બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ અને નવીનતા સંબંધોને મજબૂત બનાવવાના હેતુથી અનેક ઉચ્ચ-સ્તરીય બેઠકોમાં ભાગ લેશે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોનો ચોથો રાઉન્ડ 3 નવેમ્બરના રોજ ઓકલેન્ડમાં શરૂ થયો હતો. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સંવાદને વધુ ગાઢ બનાવવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.

3થી 7 નવેમ્બર દરમિયાન ઓકલેન્ડમાં યોજાનારી આ વાટાઘાટો , મહિનાઓની તકનીકી ચર્ચાઓ પછી સંતુલિત , વ્યાપક અને પરસ્પર લાભદાયી કરાર ઘડવાના નવા પ્રયાસને ચિહ્નિત કરે છે.

. . . . . . . . . .

# US INDIA RELATIONSHIP

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વિશે ખૂબ જ સકારાત્મક અને સુદ્રઢ હોવાનું અનુભવે છે. તેઓ ગઈકાલે ભારત-અમેરિકા સંબંધો પરના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે ખૂબ આદર છે, અને તેઓ વારંવાર વાત કરે છે. વેપાર વાટાઘાટો અંગે , વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી લેવિટે ખુલાસો કર્યો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની વેપાર ટીમ ભારતીય પક્ષ સાથે ગંભીરતાથી ચર્ચા કરી રહી છે.

. . . . . . . . . . . . . .

# MANDAVIYA DOHA

એક દેશ નાણાકીય સમાવેશ સાથે ડિજિટલ નવીનતા અપનાવીને તેના લાખો નાગરિકોને સશક્ત બનાવી શકે છે તે ભારતે દર્શાવ્યું છે. શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કતારના દોહામાં બીજા વિશ્વ સામાજિક વિકાસ શિખર બેઠકના ઉદ્ઘાટન સત્રને સંબોધન કરતા આ મુજબ કહ્યું હતું.

તેમણે સાર્વત્રિક પેન્શન કવરેજ તરફ દેશની પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે, દેશના સામાજિક સુરક્ષા કવરેજમાં ભારે વધારો થયો છે. દરમિયાન ડો. માંડવિયા મોરેશિયસના શ્રમ મંત્રીને મળ્યા અને કૌશલ્ય વિકાસ, શ્રમ ગતિશીલતા, ડિજિટલ શ્રમ પ્લેટફોર્મ અને સામાજિક સુરક્ષાના ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વ્યાપક ચર્ચા કરી હતી.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.......

# PHILIPINES TYPHOON

ફિલિપાઇન્સમાં આવેલા વાવાઝોડામાં છેલ્લા અહેવાલ અનુસાર લગભગ 55 લોકો માર્યા ગયા છે અને લાખો લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે , મધ્ય ફિલિપાઇન્સમાં આ વર્ષે આવેલા સૌથી મોટા વાવાઝોડામાં સેબુના સમગ્ર શહેરો સહિત મોટા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે,

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઈસ કાસ્ટ - અર્જૂન શર્મા

. . . . . . . . . . . .

# DEV DEEPAWALI

દેશભરમાં આજે દેવ દિવાળી અને ગુરુ નાનક જયંતીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

દેવ દિવાળીનું પર્વ દેવતાઓના પૃથ્વી પરના અવતરણને ચિહ્નિત કરે છે. આજના દિવસે ભક્તો પવિત્ર નદીમાં ધાર્મિક સ્નાન કરે છે અને ઘરો , મંદિરો અને ઘાટ પર દીવા પ્રગટાવવામાં આવે છે. ઉત્તર પ્રદેશના વારાણસીમાં આજે પૂજારીઓ દ્વારા મંત્રોચ્ચાર અને શંખનાદ સાથે ગંગા આરતી કરવામાં આવશે.

આજે ગુરુ નાનક દેવની 556મી જન્મજયંતિની પણ ઉજવણી શીખ સમુદાય દ્વારા કરાઇ રહી છે. પંજાબના અમૃતસર સહિત અન્ય ગુરુદ્વારાઓ અને શ્રી હરિ મંદિર સાહિબના સુવર્ણ મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. ગુરબાનીના પાઠ વચ્ચે લંગરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી હરિ મંદિર સાહિબ , શ્રી અકાલ તખ્ત સાહિબ અને ગુરુદ્વારા બાબા અટલ રાય ખાતે સાંજે પવિત્ર ગ્રંથોના પાઠ પછી, દીપપ્રાગટ્ય સમારોહ અને પ્રદૂષણમુક્ત ફટાકડા પ્રદર્શન યોજાશે.

. . . . . . . .

# PREZ PM GURU NANAK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુ નાનક જયંતિ નિમિત્તે તમામ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ અવસર બધાને ગુરુ નાનક દેવના આદર્શો અને મૂલ્યો અપનાવવા પ્રેરણા આપે છે અને સર્વેને વધુ સારા સમાજના નિર્માણ માટે માર્ગદર્શન આપે છે.

તેમણે ઉમેર્યું કે ગુરુ નાનકજીનો સંદેશ શીખવે છે કે સત્ય , ન્યાય અને કરુણા પર આધારિત જીવન જીવવું એ સફળતાનો સચોટ માર્ગ છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું કે દરેકને ગુરુ નાનક દેવના આદર્શોને પોતાના જીવનમાં આત્મસાત કરવા અને વધુ શાંતિપૂર્ણ અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે તેમના દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવા વિનંતી કરી.

પ્રધાનમંત્રીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં કાર્તિક પૂર્ણિમા અને દેવ દીપાવલી નિમિત્તે દેશભરના તમામ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

તેમણે કામના કરી છે કે ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલ આ દિવ્ય અવસર દરેક માટે સુખ , શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિ લાવે. તેમણે પવિત્ર સ્નાન, દાન, આરતી અને પૂજા સાથે જોડાયેલી પવિત્ર પરંપરા દરેકના જીવનને પ્રકાશિત કરે તેવી પણ કામના કરી.

. . . . . . .

# PREZ-BALIYATRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઐતિહાસિક 'બાલીયાત્રા' ઉત્સવ અને 'બોઇતા બંધના' નિમિત્તે તમામ દેશવાસીઓને, ખાસ કરીને ઓડિશાના લોકોને શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે , બાલીયાત્રા ઓડિશાની ભવ્ય દરિયાઈ વ્યાપારી પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભવ્ય ભૂતકાળને યાદ કરીને , દરેક વ્યક્તિ એક વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે સાથે મળીને કાર્ય કરશે.

. . . . . . .

# VP CHHATTISGARH VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે છત્તીસગઢની મુલાકાત લેશે. તેઓ નવા રાયપુર અને રાજનંદગાંવમાં શ્રેણીબદ્ધ જાહેર કાર્યક્રમોમાં ભાગ લેશે , જેમાં છત્તીસગઢની સ્થાપનાના 25 વર્ષ નિમિત્તે આયોજિત રજત મહોત્સવ ઉજવણી કાર્યક્રમનો સમાવેશ થાય છે.

ઉપરાષ્ટ્રપતિ સચિવાલયે માહિતી આપી કે, ઉપરાષ્ટ્રપતિને આજે રાયપુરમાં રાજભવન ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. તેઓ નવા રાયપુરના સેંધ તળાવ ખાતે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા આયોજિત એર શો નિહાળશે. બાદમાં , ઉપરાષ્ટ્રપતિ રાજનંદગાંવમાં લખપતિ દીદી સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

. . . . . . . . . . . .